# ગાંધીનગર ખાતે મહિલા સ્વરક્ષણ 'પડકાર' કાર્યક્રમનું નિદર્શન યોજાયું

## ૩૦૦૦ જેટલી વિદ્યાર્થિનીઓએ દિલધડક પ્રયોગો કર્યા

ગાંધીનગર, તા. ૧

ગુજરાતની મહિલાઓને સ્વરક્ષણની તાલીમ આપતા ''પડકાર'' કાર્યક્રમનું આજે વિવિધ કરાટેના -યોગોએ ઉપસ્થિત સૌના દિલ જીતી લીધા હતા.

પડકાર નિદર્શન કાર્યક્રમમાં મંત્રી શ્રી રમણલાલ વોરાએ કહ્યું હતું સૌ -થમ -રંભ રાજકોટ ખાતેથી થયો હતો. રાજ્યમાં અંદાજે ૧.૫ લાખ જેટલી દીકરીઓ-મહિલાઓને પડકારની તાલીમ આપી પોતાનું કરશે. મંત્રી શ્રી વોરાના હસ્તે ગીર પંથકના જૂનાગઢ શહેરની ૨૧ વર્ષની દીકરી પર્વતારોહક સુરભિ ચાવડાને તેના માઉન્ટ એવરેસ્ટ સર કરવાના

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં પડકાર કાર્યક્રમ દ્વારા ૧.૫ લાખ જેટલી દીકરીઓ-મહિલાઓને રાજ્યના ૩૩ જિલ્લાઓના ૭૫ શ્રી સંદીપ -ધાને આભારવિધિ કરી હતી.

આ પડકાર નિદર્શન કાર્યક્રમમાં ગાંધીનગરના મેયર શ્રી મહેન્દ્રસિંહ





ગાંધીનગર ખાતે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક -વૃત્તિઓ વિભાગના મંત્રી શ્રી રમણલાલ વોરાની ખાસ ઉપસ્થિતિમાં ૩૦૦૦ જેટલી વિદ્યાર્થીનીઓએ દિલધડક નિદર્શન કર્યું હતું. સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે શરૂ કરાયેલા ગુજરાતની કિશોરીઓ-મહિલાઓને સ્વરક્ષણની તાલીમ આપતા પડકાર કાર્યક્રમ અંતર્ગત કે, રાજ્ય સરકારના મહિલા સ્વરક્ષણ કાર્યક્રમ પડકાર થકી મહિલાઓમાં આત્મવિશ્વાસનો નવો દોરી સંચાર થયો છે. આજના સ્વરક્ષણ નિદર્શન કાર્યક્રમમાં ધોરણ-૫ થી કોલેજ સુધીની દિકરીઓએ આબેહૂબ નિદર્શન કર્યું હતું. રાજ્યમાં મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની -રણાથી મહિલાઓને સ્વરક્ષણની તાલીમ આપતા પડકાર કાર્યક્રમનો સ્વરક્ષણ માટે સજ્જ કરાશે. ખેલ મહાકુંભ શરૂ થવાથી રાજ્યના વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે સાથે રમતગમત ક્ષેત્રે પોતાનું કૌશલ્ય બતાવતા થયા છે. રાજ્ય સરકારે તાજેતરમાં ગુજરાતની દીકરી શૂટર લજ્જ ગોસ્વામીને ગુજરાત પોલીસમાં ઈન્સ્પેકટર તરીકે નિમણૂંક આપી છે. જે ભવિષ્યમાં રાજ્યમાં શૂટીંગ ક્ષેત્રે કોચ તરીકે માર્ગદર્શન સ્વેને સાકાર કરવા રૂ. ૧૧ લાખનો ચેક પણ આપવામાં આવ્યો હતો.

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક -વૃત્તિઓ વિભાગના સચિવ શ્રી ભાગ્યેશ જ્હાએ સ્વાગત -વચન કરતાં મહિલાઓના સ્વરક્ષણ કાર્યક્રમ પડકારની સફળતા માટે શુભેચ્છાઓ આપી હતી તેમજ ગુજરાતની મહિલાઓ સ્વરક્ષણ માટે તાલીમબદ્ધ બને તેવો અનુરોધ કર્યો હતો.

જેટલા તાલુકાની ૪૫૦થી વધુ શાળા-કોલેજમાં ૧૭૦થી વધુ બ્લેક બેલ્ટ કરાટે કોચ દ્વારા તાલીમ અપાઈ રહી છે. આજના કાર્યક્રમમાં આર્યોદય ચેરીટેબલ, ગાંધીનગર સંચાલિત વિરાંગના દળ દ્વારા સેલ્ફ ડિફેન્સ ટેકનીકનું સ્ટેજ ઉપર ખાસ નિદર્શન કરાયું હતું.

આ -સંગે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના ડાયરેકટર જનરલ રાણા, ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર અને શ્રી અશોકભાઈ પટેલ, પૂર્વ મંત્રી શ્રી હરજીવનભાઈ, ઉચ્ચ અધિકારીઓ શ્રી કાપડિયા, શ્રી મુકેશ પંડયા, શ્રી અશોક રાવલ, ગાંધીનગરના નિવાસી અધિક કલેકટર શ્રી એમ. ડી. મોડિયા, જિલ્લા શિક્ષણાધિકારી શ્રી વિનયગીરી ગોસાઈ તેમજ મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ચંપાવતના એજન્ટો નિશલ અને નૈમેશના જામીન નામંજૂર

### તલાટી કૌભાંડમાં રોકડ રકમ અને ઉમેદવારોના કોલલેટર સાથે પોલીસે ઝડપ્યા હતા

ગાંધીનગર, તા. ૧

તલાટી કૌભાંડના મુખ્ય સૂત્રધાર ચંપાવતના બે એજન્ટોની જામીન અરજી ગાંધીનગર કોર્ટે નામંજૂર કરી છે. તલાટીના ઉમેદવારોને તૈયાર કરી ઠગ ચંપાવત સુધી પહોંચાડવાનું કામ કરતા નિશલ અને નૈમેશ હાલ જ્યુડીશ્યલ કસ્ટડીમાં છે.

તલાટીની નોકરી અપાવવાના બહાને કરાયો રૂપિયા ભેગા કરવાના કૌભાંડમાં ઝડપાયેલા ઠગ ચંપાવતના બે એજન્ટોને પણ પોલીસે ઝડપી લીધા હતા. જેમાં નિશલ ઉમેશભાઈ શાહને તે વેળાએ પોલીસે ૨.૧૧ લાખની રોકડ તેમજ ૬૪ ઉમેદવારોના કોલ લેટર સાથે ઝડપી લીધો હતો. આ ઉપરાંત વચેટીયા રીતેશ સાથે મળી તેણે ૮ ઉમેદવારોના રૂ. ૧૮ લાખ સ્વીકાર્યા હોવાનું પણ આરોપીએ કબુલ્યુ હતુ. જ્યારે આ કેસનો અન્ય સહઆરોપી નિમેશ જયસ્વાલને પણ પોલીસે કોલ લેટર સાથે ઝડપી લીધો હતો. નિશલ અને નિમેશ બન્ને ચંપાવતના એજન્ટની ગાંધીનગરની કોર્ટમાં જામીન અરજી રજૂ કરવામાં આવી હતી. આ કેસ સંદર્ભે સરકારી વકીલ સતીસ પંડ્યાએ કોર્ટ સમક્ષ દલીલમાં જણાવ્યુ હતુ કે આ બન્ને આરોપીઓએ નિર્દોષ વ્યક્તિઓ અને હોંશિયાર ઉમેદવારોને પરીક્ષામાં અન્યાય અને નુકશાન થાય તેવું કૌભાંડ આચર્યુ છે. ગરીબોને અન્યાય અને પૈસાદારને લાભ થાય તેવો ગુનો આચર્યો છે. જેના અંતે ગાંધીનગરની એડીશ્નલ સેસન્સ કોર્ટના જજ બી.એમ. વ્યાસે બન્ને આરોપીઓની જામીન અરજી નામંજૂર કરવાનો હૂકમ કર્યો છે.

### આજે સે. ૮-બીમાં સુંદરકાંડ પાઠ

રામ ચરિત માનસના પંચમ સોપાન સંદરકાંડ પાઠ કાન્તિભાઈ યોગીની વ્યાસપીઠે આજરોજ રવિવારે મહેશભાઈ પટેલના યજમાન પદે પ્લોટ નં. ૪૯૯/૨ સેકટર-૮-બી ખાતે યોજાશે.

### લીટલ એન્જલ સ્કુલનો વાર્ષિકોત્સવ યોજાશે

લીટલ એન્જલ સ્કુલ ગાંધીનગરનો વાર્ષિકોત્સવ ૨૦૧૪ તા. ૭ માર્ચ શુક્રવાર સવારે ૧૦-૦૦ કલાકે ટાઉનહોલ સે-૧૭ ગાંધીનગર ખાતે યોજવામાં આવશે. વર્ષ દરમિયાન યોજાયેલ વિવિધ કાર્યક્રમોના વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવશે તેમજ વાર્ષિકોત્સવમાં શાળાના વિદ્યાર્થીઓ સાંસ્કૃતિ કાર્યક્રમ રજુ કરશે.

## પેથાપુરના વેપારીનુ મોડી સાંજે ચાર શખ્સો દ્વારા અપહરણ

### રાત્રે વેપારી ઘરે પણ આવી ગયો : રૂપિયાની લેતી દેતીમાં અપહરણ થયુ હતુ : આરોપીઓ ફરાર

ગાંધીનગર, તા. ૧

પેથાપુરના એક વેપારીનુ ગઈ મોડી સાંજે વેગનઆર ગાડીમાં ચાર શખ્સોએ મળીને અપહરણ કરી લીધુ હતુ. અપહરણકારો પૈકી એક આરોપી વેપારીનો જુનો વેપારી પાર્ટનર હતો. રૂપિયાની લેતી દેતીમાં થયેલા અપહરણ બાદ સે. ૨૧ પોલીસ દોડતી થઈ ગઈ હતી. દરમ્યાન ગઈ રાત્રે જ વેપારી ઘરે પરત ફરી ગયો હતો. જો કે પોલીસ હજુ સુધી ચારેય અપહરણકારો સુધી પહોંચી શકી નથી.

પેથાપુરમાં સ્ટીલની દુકાન ચલાવતા વેપારી અમરતભાઈ પુરોહીતનું ગઈ સાંજે સે. ૨૯ પાસેથી વેગનઆર ગાડીમાં અપહરણ થઈ ગયું હતું. અમરતભાઈના મિત્ર સુરેશ રબારીએ આ બનાવ અંગે સે. ૨૧ પોલીસને જાણ કરી ફરીયાદ નોંધાવી હતી. જેમાં ડાહ્યાભાઈ પુરોહીત કે જે અગાઉ અમરતભાઈ સાથે દુકાનમાં પાર્ટનર હતો તે શખ્સ અને અન્ય ત્રણ જણા અપહરણ કરવામાં સામેલ હતા. પોલીસે તપાસ શરૂ કરી દીધઈ તે દરમ્યાન રાત્રે વેપારી ઘરે આવી ગયા હતા. અપહરણકારો વેપારીને ઘરે લઈ ગયા હતા અને લેતી દેતીના રૂપિયાની માંગણી કરીને ધમકી આપી છોડી મુક્યો હતો. સે. ૨૧ પોલીસે ચારેય આરોપીઓની શોધખોળ આરંભી છે.



લાયોનેસ કલબ ગાંધીનગર દ્વારા સીવીલ હોસ્પિટલ ગાંધીનગરમાં ગાયનેક વોર્ડમાં પાણીનાં કુલરનું લોકાર્પણ કરવામાં આવ્યું. આ કુલર લાયોનેસ કોર મેમ્બર કિન્નાબેન જાનીનાં માતૃશ્રી જશોદાબેન જાની તરફથી આપવામાં આવ્યું હતું. લાયન્સ કલબનાં ડિસ્ટ્રીકટ ગર્વનર શ્રી વિનોદભાઈ પટેલના હસ્તે રીબીન કાપી કુલરનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે લાયોનેસ પ્રમુખ આરતી ભટ્ટ, લીયો પ્રમુખ રાજ ગોડા, ચેરમેન રેખાબેન અસરાની, લીયો સેક્રેટરી મીનાક્ષી જયસીંઘાણી તથા લાયન્સ પરિવારનાં પૂર્વ અને હાલનાં પદાધિકારીઓ ભાઈઓ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં. (તસવીર : કશ્યપ નિમાવત)

### હઝરત બાલાપીર ખાતે ઉર્સ મુબારક કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧

દહેગામ તાલુકાના અમરાબાઈના મુવાડા ખાતે આવેલી હઝરત બાલાપીર અને હઝરત ગેબનશા પીરનો ઉર્સ મુબારક આજ રોજ રવિવારે શાનો સોકતથી ઉજવવામાં આવશે. ઉર્સ મુબારકમાં ગામના મુસ્લિમ બિરાદરો સહિત હિન્દુ ભાઈઓ પણ જોડાઈ કોમી એખલાસનું વાતાવરણ પુરું પાડે છે અને ગાદી શરીફ નિશાન રિફાઈ સાથે દરગાહ ઉપર પહોંચી ચાદર પેશ કરશે. પછી ન્યાઝ તકસીમ કરવામાં આવશે. તેમ દરગાહના ખિદમતગાર મુબારક બાપુ અને બાબુભાઈ મનસુરીએ જણાવ્યું છે.

## સે. ૫માં કથા સાંભળીને આવતી મહિલાના ગળામાંથી દોરો ખેંચાયો

### બાઈક પર ત્રણ સવારી આવેલા શખ્સો સવા તોલાનો દોરો આંચકીને રફુચક્કર

ગાંધીનગર, તા. ૧

શહેરમાં ચેઈન સ્નેચર્સ બિન્દાસ્ત બની ગયા છે. ધોળે દિવસે ડબલ કે ત્રિપલ સવારી એક બાઈક પર આવીને ચેઈન સ્નેચર્સ એકલ-દોકલ જતી મહિલા કે વૃદ્ધાને ટાર્ગેટ બનાવી ગળામાં પહેરેલો સોનાનો દાગીનો ખેંચી પળવારમાં આંતરીક માર્ગોમાં બેફામ ગતિએ બાઈક ફેરવીને રફુચક્કર થઈ જાય છે. આજે વધુ એક મહિલાનો સેક્ટર-૫ ના આંતરીક માર્ગ પરથી સોનાનો દોરો ખેંચાતા પોલીસ ફરીયાદ નોંધાવા પામી છે.

ગાંધીનગરના સેક્ટર-૫-એ પ્લોટ નં. ૭૭૩/૨ ખાતે રહેતી મહિલા મધુબેન અંબાલાલ પટેલ આજે કથા સાંભળીને પરત ફરી રહ્યા હતા ત્યારે બપોરના અરસામાં સેક્ટર-૫ના આંતરીક માર્ગ પર ચેઈન સ્નેચર્સે તેણીને ટાર્ગેટ બનાવી ચેઈન સ્નેચીંગ કરી લીધુ હતુ. એક બાઈક પર ત્રણ સવારી આવેલા શખ્સોએ મધુબેન પાસે જઈને તેમના ગળામાં હાથ મારીને ગળામાં પહેરેલો ૧૫ હજારની કિંમતનો સવા તોલા વજનનો સોનાનો દોરો ખેંચી લીધો હતો. દોરો આંચકીને ત્રણેય શખ્સો પળવારમાં ભાગી ગયા હતા. આ બનાવ અંગે સે. ૭ પોલીસ મધુબેનની ફરીયાદને આધારે ત્રણ અજાણ્યા ચેઈન સ્નેચર્સ સામે ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

### આજે સે-૧૩માં સતસંગનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર વૈશ્વિક સંસ્કૃતિ પરિવાર તરફથી જ રોજ રવિવારે બ્લોક નં. ૨૨૯/૩, 'ચ' ટાઈપ સેકટર-૧૩ ખાતે સાંજે ૫.૦૦ થી ૬.૩૦ દરમિયાન સતસંગ અને સંકીર્તનનો ધાર્મિક કાર્યક્રમ યોજાશે. યોગેશભાઈ દક્ષિણીના નિવાસ સ્થાને યોજાનાર આ કાર્યક્રમમાં ધર્મપ્રેમી ભાઈ બહેનોને પધારવા મહેન્દ્રભાઈ રાઠોડે આમંત્રણ પાઠવ્યું છે.

### ચામડીના રોગોનો મફત સારવાર કેમ્પ

આનંદીમાનો વડલો, વિઘ્નેશ્વરી ધામ માણસા ખાતે વિનામૂલ્યે ચામડીના રોગોનો કેમ્પ આજરોજ રવિવારે બપોરે ૨.૦૦ કલાકે યોજવામાં આવશે. વિઘ્નેશ્વરી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દર મહિનાના પ્રથમ રવિવારે આ ભગીરથ કાર્યક્રમમાં આવે છે. સંસ્થાના આ સળંગ ૫૪મા ચામડીના મફત કેમ્પમાં અમદાવાદથી ચામડી, ગુપ્તરોગો, રક્તિત્તો, કોસ્મેટીક સર્જરી અને ડર્મેટો સર્જરીના નિષ્ણાંત ડૉ. ગૌરવ પટેલ સેવાઓ આપશે.

### બરોડા વિકાસ સંસ્થાના નવિન મકાનનું ખાતમુહૂર્ત કરાશે

સ્વરોજગાર વિકાસ સંસ્થાન (બરોડા આરએસટી) ગાંધીનગરનુંનવિન મકાન રૂપાલ, ગાંધીનગર ખાતે નિર્માણ પામનાર છે. જેનું ખાતમુહૂર્ત ૨જી માર્ચ રવિવાર, સવારે ૧૦.૦૦ કલાકે નીતિનભાઈ પટેલ, મંત્રી ગુજરાત રાજ્યના વરદ્દહસ્તે કરવામાં આવશે. આ પ્રસંગે કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ પી. સ્વરૂપ વિકાસ અધિકારી વિક્ટર મેકવાન, બેન્કના જનરલ મેનેજર ઉત્તર ગુજરાત ઝોન, ઉમાકાન્ત બીજાપુર ઉપસ્થિત રહેશે. એમ.એસ. ચૌહાણ મેનેજર બી.ઓ.બી. અમદાવાદ ક્ષેત્ર અને જયશ્રીબેન દેવાંગન જિલ્લા વિકાસ એજન્સી ગાંધીનગરે જણાવ્યું છે.

## ભારતીય કિસાન સંઘ સ્થાપના દિને ફ્રિ આઈ બ્લડપ્રેશર ડાયાબિટીશ કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૧

આગામી ૪થી માર્ચે ભારતીય કિસાન સંઘ દ્વારા તેના સ્થાપના દિવસ નિમિત્તે મફત આંખની, બ્લડપ્રેશર અને ડાયાબિટીશ તપાસ શિબિરનુંઆયોજન કરવામાં આવ્યું છે. આ શિબિર તેજલ આઈ સેન્ટરના સહયોગથી કિસાન સંઘના સે. ૧૨માં બલરામ મંદિર પરિસર ખાતે આવેલા પ્રદેશ કાર્યાલય પર યોજવામાં આવ્યો છે.

ભારતીય કિસાન સંઘની સ્થાપના તા. ૪થી માર્ચ ૧૯૭૯માં રાજસ્થાનના કોટા ખાતે થઈ હતી ત્યારથી આજ સુધી સંઘ દ્વારા કિસાનોની સમસ્યાઓ અને અધિકારો માટે અવાજ ઉઠાવવા ઉપરાંત સમાજોપયોગી અનેક રચનાત્મક કાર્યો પણ કરવામાં આવી રહ્યા છે. એક સર્વે મુજબ ભારતમાં ૧૦ અંધ વ્યક્તિઓમાંથી ૨ વ્યક્તિઓ ડાયાબિટીશના કારણે અંધ થાય છે. આ બાબતને ગંભીરતાથી લઈને સમાજમાં બ્લડપ્રેશર-ડાયાબિટીશ અંગે જાગૃતિ લાવવાના આશયથી કિસાન સંઘ દ્વારા તેના સ્થાપના દિવસને ફ્રિ આઈ ચેકઅપ બ્લડપ્રેશર ડાયાબિટીશ કેમ્પ યોજીને ઉજવવાનું ઉમદા કાર્ય હાથ ધર્યુ છે.

આ નિદાન શિબિરમાં દરેક લાભાર્થીઓની બ્લડપ્રેશર, ડાયાબિટીશ અને આંખની તપાસ નિઃશુલ્ક કરી આપવામાં આવશે જે માટે સે. ૭માં આવેલ તેજલ આઈ સેન્ટર દ્વારા સહયોગ પુરો પાડવા આવનાર છે. આ કાર્યક્રમમાં ભારતીય કિસાન સંઘના રાષ્ટ્રીય માર્ગદર્શન જીવણભાઈ પટેલ (દાદા) મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. આ નિદાન શિબિર સવારે ૧૦ થી ૧૨ વાગ્યા દરમ્યાન બલરામ મંદિર પરિસરમાં યોજાશે.




સેકટર-૧૧ મેદાનમાં ગુજરાતભરમાંથી આઈ.ટી.ની ૨૦ ટીમો ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લેવા આવી છે. ગઈકાલ અને આજે બે દિવસ દરમિયાન રમાનાર આ ટુર્નામેન્ટ ૮-૮ ઓવરની રહેશે. જયારે ફાઈનલ મેચ ૧૦ ઓવરની રમાનાર છે. આજે રમાયેલ મેચમાં જામનગરની ટીમનો વિજય થયો હતો.

(તસવીર : કશ્યપ નિમાવત)

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૯

સૂર્યાસ્ત : ૬.૩૭

### તાપમાન

મહત્તમ : ૨૮.૦ ડિ.સે.

લઘુત્તમ : ૧૩.૨ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૫૦ ટકા ● સાંજે ૨૧ ટકા

### મનોરંજન

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :

શાદી કે સાઈડ ઈફેકટસ : ૧૦.૪૦, ૧.૪૦, ૪.૧૦, ૭.૪૦, ૧૦.૪૦

: સ્ક્રીન-૨ :

શાદી કે સાઈ ઈફેક્ટસ : ૯.૪૦, ૧૨.૪૦, ૩.૧૦, ૬.૪૦, ૯.૪૦

: સ્ક્રીન-૩ :

હાઈવે : ૧.૪૦, ૭.૩૫, ૧૦.૨૦

ગુન્ડે : ૪.૨૫

: સ્ક્રીન-૪ :

શાદી કે સાઈડ ઈફેકટસ : ૮.૪૦, ૧૧.૪૦, ૨.૪૦, ૮.૪૦

હસી તો ફસી : ૫.૪૦

**આર વર્લ્ડ**

: સ્ક્રીન-૧ :

શાદી કે સાઈડ ઈફેકટસ : ૧૦.૧૫, ૧૨.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :

ગુન્ડે : ૧૦.૩૦, ૪.૩૦,૧૦.૩૦

હાઈવે : ૧.૩૦, ૭.૩૦

: સ્ક્રીન-૩ :

શાદી કે સાઈડ ઈફેકટ : ૧.૧૫, ૬.૧૫, ૯.૧૫

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :

શાદી કે સાઈડ ઈફેકટસ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

અનુરાધા : ૧૦.૧૫, ૪.૧૫

ગુન્ડે : ૧.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

ગુન્ડે : ૧૦.૦૦, ૪.૦૦

અનુરાધા : ૧.૦૦, ૧૦.૦૦

હાઈવે : ૭.૦૦

**ચિરાગ સિનેમા(કલોલ)**

શાદી કે સાઈડ ઈફેકટસ :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### આપની આજ

**મેષ** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. પ્રેમ સંબંધોમાં સફળતા મળશે. સામાજિક જવાબદારીમાં વધારો થઈ શકે છે. વેપાર ક્ષેત્રે ભાગીદારીમાં સંભાળવું. વડીલોનું માર્ગદર્શન કાર્યક્ષેત્રે ઉપયોગી સાબિત થઈ શકે છે.

**વૃષભ** : બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં પ્રગતિ થશે. ભાગ્યોદયની તક મળી શકે છે. વડીલોના આરોગ્યની ચિંતા હળવી બનતી જણાય. કુટુંબીજનો સાથે આનંદમયરીતે સમય પસાર થઈ શકે છે. સમય શુભ.

**મિથુન** : માનસિક શાંતિ જાળવી રાખવી. માનસિક શાંતિ જાળવી રાખવી. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. વાહન - જમીન- મકાનની ખરીદી થઈ શકે છે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે. સમય સાનુકૂળ.

**કર્ક** : સગા સંબંધીઓથી મુલાકાત થશે. ભૌતિક સુખ- સુવિધામાં વધારો થઈ શકે છે. આરોગ્યની સુખાકારી જળવાઈ રહે. સ્નેહીજનો- મિત્રો સાથે મુલાકાત થઈ શકે. સમય શુભ.

**સિંહ** : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકશે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ છે. વિદેશથી શુભ સમાચાર મળી શકે છે. વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણ થઈ શકે છે. નવા સંબંધ બની શકશે.

**કન્યા** : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. આર્થિક મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. સંતાન સંબંધી પ્રશ્નોના ઉકેલ આવી શકે છે. દિવસ શાંતિથી પસાર કરવો.

**તુલા** : કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. નોકરી - વેપાર અર્થે થયેલો પ્રવાસ ફળદાયી નીવડી શકે છે. કૌટુંબીજનો સાથે યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે. સમય શુભ.

**વૃશ્ચિક** : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીમાં સ્થિતિ મજબૂત રહેશે. માનસિક ચિંતા હળવી બનતી જણાય. આરોગ્યની સુખાકારી જળવાઈ રહે. સ્નેહીજનો- મિત્રો સાથે મુલાકાત થઈ શકે. સમય શુભ.

**ધન** : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ, સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણો થઈ શકે છે. ભાગ્યોદયની તક મળી શકે છે. વડીલોના આરોગ્યની ચિંતા હળવી બનતી જણાય.

**મકર** : તમારી વ્યવહાર કુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરીશકશો. સ્થાયી સંપતિ મળવાનો યોગ છે. સામાજિક જવાબદારી હળવી બનતી જણાય.

**કુંભ** : જીવનસાથી અને ભાગીદારોથી વિશેષ લાભ પ્રાપ્તિનો યોગ. વેપાર, કુટુંબમાં શુભકાર્યો થઈ શકશે. દિવસ આનંદમયરીતે પસાર થઈ શકે છે.

**મીન** : આવકના સ્ત્રોતમાં ભાગ્યવર્ધક વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્જ સંબંધી કાર્યોમાં લાભ, વિશેષ, ધાર્મિક મહત્વનાં કાર્યોમાં સમય પસાર થશે.

### ચિરવિદાય

- સ્વ. મંગાજી ચહેરાજી ઠાકોર (ઉ.વ. ૭૫) મુ.પો. વાવોલ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. રમણલાલ મનસુખરામ મહેતા(ઉ.વ. ૯૨) પ્લોટ નં. ૧૬૪, હરસિદ્ધનગર, સેકટર-૨૪, ગાંધીનગર.